ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી,
ગાંધીનગર હેઠળની કુલ-૫૬(૫૨+૦૪)
હંગામી જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૨
સુધી ચાલુ રાખવા અંગે

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૭/૧૪૯૨૯૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૯/૦૮/૨૦૨૧

વંચાણે લીધા-

(૧)આ વિભાગના સરખા ક્રમાંકનો તા:૧૮/૦૫/૨૦૨૦નો ઠરાવ.

(૨)મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા:૧૫/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક:સમછા/મકમ/૨૦૨૦-૨૧/૧૫૧ થી૧૫૨

(૩)મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા:૨૩/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક:સમછા/મકમ/૨૦૨૦-૨૧/૮૯૭

## પ્રસ્તાવના:-

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા:૧૮/૦૫/૨૦૨૦ના ઠરાવથી ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ઉભા કરવામાં આવેલ સમરસ છાત્રાલયોના વહીવટ માટે રચના કરવામાં આવેલ ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી હેઠળની કુલ-૪૧ હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૨ પરના મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા:૧૫/૦૧/૨૦૨૧ના પત્રથી જિલ્લા કક્ષાની ૫૨ તથા વડી કચેરી, ગાંધીનગર ખાતેની ૦૪ એમ કુલ ૫૬(૫૨+૦૪) હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૩ પરના મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા:૨૩/૦૩/૨૦૨૧ના પત્રથી જણાવ્યા મુજબ ૨૦૧૮-૧૯માં મંજૂર કરેલ જામનગર,ભુજ અને હિંમતનગરના છાત્રાલયોમાં ઉક્ત વર્ષમાં ઉભી કરવામાં આવેલ કુલ-૧૮ જગ્યાઓનો સમાવેશ શરતચૂકથી રહી જવા પામેલ હોઇ, તેનો સમાવેશ વંચાણે લીધેલ ક્રમ-૧ પરના તા:૧૮/૦૫/૨૦૨૦ના ઠરાવમાં કરવામાં આવેલ ન

હોવાનું જણાવી ઉક્ત ૧૮ જગ્યાઓ સહિત કુલ ૫૬(૩૮+૧૮) હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

**ઠરાવ:-**

મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે આ ઠરાવ સાથે સામેલ પત્રક-૧ મુજબ જિલ્લા કક્ષાની ૫૨(બાવન) તેમજ પત્રક-૨ મુજબ વડી કચેરી ખાતેની ૦૪(ચાર) એમ કુલ-૫૬(૫૨+૦૪) મંજૂર થયેલ હંગામી જગ્યાઓને વિભાગના તા:૧૨/૦૩/૨૦૧૯ના ઠરાવમાં જણાવ્યા મુજબની શરતો સાથે તા:૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.)ની તા:૧૩/૦૮/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:-**

1. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
2. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
6. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
7. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
8. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેકશન અધિકારીશ્રી(કોમ્પ..સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય.ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી છે.
10. સિલેક્ટ ફાઈલ-૨૦૨૧.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા:૧૯/૦૮/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૭/૧૪૯૨૯૨/જ સાથેનું બિડાણ.

## પત્રક-૧ જિલ્લા કક્ષાની જગ્યા દર્શાવતું પત્રક

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ૧ વર્ષની અંદરની ખાલી જગ્યા | ૧ થી ૩ વર્ષની અંદરની ખાલી જગ્યા | ૩ વર્ષ ઉપરાંત ની ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
| ૧ | સમાજ કલ્યાણ અધિકારી | વર્ગ-૨ | ૧૨ | ૦૫ | ૦૭ | ૦૩ | ૦૨ | ૦૨ |
| ૨ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | વર્ગ-૩ | ૨૦ | ૧૦ | ૧૦ | ૦૧ | ૦૭ | ૦૨ |
| ૩ | જુનિયર કલાર્ક | વર્ગ-૩ | ૨૦ | ૦૯ | ૧૧ | ૦૩ | ૦૭ | ૦૧ |
| | કુલ | | ૫૨ | ૨૪ | ૨૮ | ૦૭ | ૧૬ | ૦૫ |

## પત્રક-૨ ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીની વડી કચેરી, ગાંધીનગર કક્ષાએ ઉભી કરવામાં આવેલ જગ્યાઓ દર્શાવતું પત્રક

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ૧ વર્ષની અંદરની ખાલી જગ્યા | ૧ થી ૩ વર્ષની અંદરની ખાલી જગ્યા | ૩ વર્ષ ઉપરાંતની ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
| ૧ | વહીવટી અધિકારી (પ્રતિનિયુક્તિ) | વર્ગ-૧ | ૧ | ચાર્જમાં | ૧ | - | - | ૧ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | હિસાબી અધિકારી (પ્રતિનિયુક્તિ) | વર્ગ-૧ | ૧ | ચાર્જમાં | ૧ | - | - | ૧ |
| ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | - | - | - |
| ૪ | હેડ કલાર્ક | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | - | - | - |
| | કુલ | | ૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૨ |

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ